No Pages to Display

શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા : પુસ્તક ૧૬ મું

સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન

# મકનો ને રાક્ષસ

: લેખક :

ગિજુભાઈ

શારદા મંદિર
અમદાવાદ ૭
૧૫૪
બાલમંદિર

卐

સુધારેલી કિંમત

રૂ. ૦-૫૦

આર. આર. શેઠની કું. મુંબઈ-૨.

: પ્રકાશક :

આર. આર. શેઠની કંપની : મુંબઈ-૨

૧૯૬૪]

[૦-૩૫]

: પ્રકાશક :
ભગતભાઈ ભુરાલાલ શેઠ
આર. આર. શેઠની કંપની
પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ-૨

: મુદ્રક :
જુગલદાસ ચંપકલાલ મહેતા
શ્રી પ્રવીણ પ્રિન્ટરી
સોનગઢ (સૌરાષ્ટ્ર)

અનુક્રમ

* * *

સકનો ને રાક્ષસ . . ૩
બિલ્લીબાઈ . . . ૧૬

* * *

કુલ નકલ ૧૪,૧૧૫

પહેલી આવૃત્તિ
ચાર મુદ્રણો
કુલ ૪૬૧૫

બીજી આવૃત્તિ
છ મુદ્રણો
૮૪૫૦ નકલો

સાત મુદ્રણ
૧૧૫૦ નકલ
૬-૧-૬૪

# મકનો ને રાક્ષસ

## મકનો ને રાક્ષસ

ગરીબ ડોશી હતી. એને એક દીકરો હતો. મકનો એનું નામ.

આગળ તો બહુ પૈસાદાર હતાં પણ મકનાનો બાપ મરી ગયો ને કોઈ કમાનાર ન રહ્યું. ડોશી દળણાં દળી માદીકરાનું પેટ ભરે ને મકનાને ભણાવે.

બેપાંચ વરસ ગયાં. મકનો મોટો થયો. ડોશી કહે: "બેટા! ક્યાંઈક કમાવા તો જા? હવે તો મોટો થયો. હવે દળણાં દળીદળીને તો મારા હાથ થાક્યા."

મકનો કહે: "પણ ગાડીભાડાના પૈસા ક્યાં છે તે જાઉં? એમ હોય તો થોડાક રૂપિયા આપ અને ભાતું કરી દે."

ડોશી કહે: "રૂપિયા તો ઘરમાં ક્યાં છે? આ એક ગાય છે; બજારે જા. ને વેચી નાખ. જેટલા રૂપિયા આવે તેટલા ગાંઠે બાંધીને જા."

છોકરો ગાય લઈ બજારે વેચવા ચાલ્યો.

કોઈ કહે: "એલા છોકરા! આવી ગાયને તે કોણ લેવાનું હતું? જો ને એનાં વાંકાંચૂંકાં શીંગડાં ને જાડું એવું પૂંછડું!"

એક કહે: "બાપુ! આ ઘરડી ઘોડીના બે દોકડા આપું આ ગાયને રાખીને શું કરીએ? સાવ ઘરડીખખ તો છે!"

બીજો કહે: "જોઈતા હોય તો બે રૂપિયા છે. બાકી ગાયમાં તો કાંઈ માલ નથી. આ તો હું તારા બાપનો ઓળખીતો છું તે રાખી લઉં."

છોકરાને તો કાંઈ ગમ્યું નહિ. તે કહે: "એમ બે દોકડામાં ને બે રૂપિયામાં તે ગાય નાખી દેવાય?"

છોકરો ગાયને લઈ પાછો વળ્યો.

રસ્તે એક રાતાં બિયાં વેચવાવાળો મળ્યો :

" લેવાં છે કોઈને રાતાં બિયાં;
લેવાં છે કોઈને રાતાં બિયાં."

છોકરો કહે : " એલા બતાવ તો ખરો ? "

" બાપુ ! એ તારું કામ નહિ. એ બિયાં તો સેનવેલનાં છે. એ કાંઈ તું ન લઈ શકે. "

" હવે બતાવ તો ખરો ! "

બિયાંવાળાએ બિયાં બતાવ્યાં.

શો સુંદર એનો ઘાટ ! શો સુંદર એનો રંગ ! ગોળ મજાનાં લાલ લાલ !

છોકરો કહે : " આ લે, આ ગાય તને આપું. તારે જેટલાં દેવાં હોય તેટલાં બી દે."

બીવાળાએ ચારપાંચ બી આપ્યાં. છોકરો ગાય આપીને ઘેર આવ્યો.

મા કહે : " કાં, ગાયનું શું ઊપજ્યું ? "

છોકરો કહે : " આ જો તો, બિયાં કેવાં સરસ છે ! ગાય આપીને આ લાવ્યો છું."

મા દાઝે બળી : " મૂઆ ! આ બિયાંના તે શું રોટલા થશે ? રોયા ! ઘરમાં માટલીમાં તો લોટ

નથી ને બિયાંને મારે શું, બાળવાં છે? એક પાશેર દૂધ દેનારી ગાયને યે આપી આવ્યો."

માએ ચિડાઈને બિયાંને બારીએથી હેઠે નાખી દીધાં.

માદીકરો ભૂખ્યાં તરસ્યાં સૂઈ ગયાં.

સવાર પડી ને સૂરજ ઊગ્યો. છાપરામાંથી ચાંદરડાં દેખાયાં પણે બારીએ જુએ તો અંધારું. "આ બારી તો ઉઘાડી છે ને હજી એમાંથી અજવાળું કેમ આવતું નથી? અરે, શું કોઈ આડું આવીને ઊભું છે?"

છોકરો કહે: "બા, બા! એ તો ગઈ રાતમાં એક ઝાડ ઊગ્યું લાગે છે. અહા, ઝાડ કાંઈ જાડું છે! બારીને તો સાવ ઢાંકી દીધી છે. અને જો તો ખરી, ઝાડ તો ઠેઠ આકાશે ચડ્યું છે. અધધધધ! આકાશે અડ્યું છે!"

બા કહે: "એલા હા હો મકના! પેલાં બી લાવ્યો હતો તેનું તો નહિ હોય?"

"એનું જ હશે; એનું જ."

મકનો કહે: "બા! હું આકાશમાં જાઉં? કહે છે કે ત્યાં સોનાની રેતીવાળી નદીઓ છે.

ને રૂપાના કાંઠા છે. એમાં પાણીને બદલે દૂધ વહે છે,"

મા કહે: "ત્યારે જા તું તારે. સોનાની રેતી હોય તો લઈ આવ. એવું મળે તો તો ભવનું દુઃખ ટળે ના!"

મકનો તો ચટપટ કરતો ઝાડ ઉપર ચડ્યો. મા તો જોઈ રહી. ઘડીકમાં તો ક્યાંઈ નો ક્યાંઈ ચડી ગયો. ઊંચે ઊંચે વાદળ તરફ ચડયે જ જાય. ખૂબખૂબ ઊંચે ચડ્યો. એક નાનકડા પતંગ જેવડો થઇ ગયો. પછી તો સાવ એક કાળા ટપકા જેવડો થયો, ને પછી તો વાદળમાં ચડી ગયો.

ઠેઠ ઝાડને છેલ્લે પાંદડે અડ્યો ને આકાશમાં પગ મૂક્યો.

મકનો તો જોતાંવેંત જ ખુશખુશ થઈ ગયો. રૂપાના મજાના રસ્તા; સોને જ બાંધેલા. ચારેકોર લીલા લીલા બાગ અને બગીચા; બગીચે બગીચે ફુવારા ને હોજો; ને હોજે

---

ભવ=જિંદગી

હોજે રંગીન માછલીઓ. મકનો તો ખુશખુશ થઈ ગયો.

કોઈ દિવસ જોયેલું નહિં એવું જોતો જોતો મકનો આગળ ચાલ્યો.

સામે એક કિલ્લો આવ્યો. મોટો જબ્બર કિલ્લો. મોટા જબરા એના દરવાજા અને બારણાં; પડખે મોટા એના બુરજો.

મકનો કહે: "ચાલ જોઉં તો ખરો કે કિલ્લામાં કોણ રહે છે?"

હળવેથી બારણું ઉઘાડી અંદર જાય ત્યાં તો કોઈ ન મળ્યું. એક માખી ય બણબણે નહિ. બધું ચૂપચાપ; પક્ષી યે બોલે નહિ.

મકનો કહે: "આ તો કોઈ રાક્ષસનું રહેઠાણ લાગે છે."

મકનો તો આગળ ને આગળ ચાલ્યો. મોટા બાગ વચ્ચે એક મહેલ હતો. મહેલને સાત માળ હતા.

મકનો પહેલે માળે ગયો તો કોઈ નહિ; બીજે માળે ગયો તો કોઈ નહિ; ઠેઠ સાતમે

માળે ગયો ત્યાં તો એક છોકરી બેઠેલી.

મકનાને જોઈને છોકરી કહે : "એલા કોણ છો ? અહીં ક્યાંથી ? આ તો આકાશ છે. આ તે રાક્ષસનો દેશ છે."

મકનો કહે : "હું તો માણસ છું. પૃથ્વી ઉપરથી આવ્યો છું."

છોકરી કહે : "કયે રસ્તેથી આવ્યો ? અહીં આકાશમાં કોઈથી નથી અવાતું."

મકનો કહે : "પેલા ઝાડે ચડીને આવ્યો. મારા ઘર પાસે ઊગ્યું છે."

એટલામાં રાક્ષસ આવતો સંભળાયો. ધમધમ આકાશ ગાજવા લાગ્યું. કિલ્લો પણ જાણે હચમચવા લાગ્યો.

છોકરી કહે : "એલા ભાગજે, નહિ તો મર્યો સમજજે!"

મકનો કહે : "હવે ક્યાં જાઉં ? ભાગું તો તો રાક્ષસ સામો મળે ને મને મારી નાખે!"

છોકરી કહે : "ત્યારે સંતાઈ જા, મારા આ કબાટમાં."

મકનો તો ઝટપટ કબાટમાં સંતાઈ ગયો. ત્યાં તો રાક્ષસ આવ્યો.

"માણસ ગંધાય માણસ ખાઉં; માણસ ગંધાય માણસ ખાઉં ! ક્યાં છે માણસ? અહીં કોઈ ગંધાય છે !" રાક્ષસની આંખો તો લાલચોળ થઈ ગઈ.

છોકરી કહે : "બાપુ ! અહીં માણસ કેવો ? એ તો અમસ્તી, કાગડે આણેલા માંસના કટકાની વાસ આવતી હશે."

રાક્ષસે તો ખૂબખૂબ ખાધું કેટલી યે દાળ ને કેટલું યે શાક, ને આટલા બધા લાડવા ખાધા. પછી રાક્ષસ કહે : "અલી ! લાવ પેલી રૂપિયાની કોથળી."

છોકરી તો એક મોટો જબરો રૂપિયાનો કોથળો ઉપાડી લાવી.

રાક્ષસ રૂપિયા ગણવા બેઠો. ગણતાં ગણતાં ઝોકાં આવવા લાગ્યાં. ખૂબખૂબ ખાધું હતું તે આવે જ ને ?

મકનો કબાટની તડમાંથી બધું જોતો હતો.

મકનો કહે: “આ રાક્ષસ હવે ઊંઘવા લાગ્યો છે. હવે ભાગી જવાનો ઠીક લાગ છે.”

હળુ હળુ કબાટ ઉઘાડીને બહાર આવ્યો ને હળવેથી રૂપિયાનો કોથળો ખભે ઉપાડ્યો ને ભાગ્યો. ઝાડ પાસે જઈ તેના ઉપરથી એકદમ નીચે ઊતરી ગયો.

મોટો કોથળો ભરીને રૂપિયા આવ્યા તે એની મા તો ખુશખુશ થઈ ગઈ!

એણે તો રૂપિયા પટારામાં મૂકી દીધા; ને બેચાર રૂપિયા લઈ બજારે જઈને ઝટપટ ઘી-ગોળ લઈ આવીને લાપશી કરી.

મા ને દીકરો ઘડીકમાં પૈસાદાર થઈ ગયાં.

થોડાએક દિવસો ગયા એટલે મકનો કહે: “ચાલ ને એક વાર ફરી આકાશમાં જઈ આવું? આ રૂપિયા તો ખૂટવા આવ્યા.”

મકનો તો પાછો ઝાડ ઉપર ચડીને ઠેઠ આકાશમાં ગયો. પાછો રાક્ષસના કિલ્લામાં ગયો ને પેલી છોકરી સાથે વાત કરવા લાગ્યો.

છોકરી કહે: “વળી પાછો કેમ આવ્યો?”

મકનો કહે: "પૈસા ખૂટ્યા છે. હવે તો સોનું, રૂપું ને હીરા લઈ જવા આવ્યો છું."

વાત ચાલે છે ત્યાં તો રાક્ષસનો પગ સંભળાયો.

"માણસ ગંધાય માણસ ખાઉં;
માણસ ગંધાય માણસ ખાઉં!"

મકનો તો પાછો કબાટમાં સંતાઈ ગયો.

રાક્ષસ આવ્યો ને ખૂબ ખાધું. લાડવાનો તો મોટો ઢગલો.

પછી કહે: લાવ પેલી કૂકડી."

છોકરી એક કૂકડી લાવી.

રાક્ષસ કહે: "કૂકડી કૂકડી! ઈંડું મૂક;
કૂકડી કૂકડી! ઈંડું મૂક."

ત્યાં તો કૂકડીએ બે સોનાનાં ઈંડાં મૂક્યાં. મકનો કબાટની તરડમાંથી જોઈને મનમાં કહે: "આ રાક્ષસ જો જરાક ઊંઘી જાય તો કૂકડી જ લઈ જાઉં."

ત્યાં તો રાક્ષસ ઝોકે ગયો ને મકનો કૂકડી લઈને ભાગ્યો.

સડેડાટ કરતો ઝાડ ઉપર થઈને મકનો નીચે ઊતરી ગયો.

મા કહે: "રોયા! આમાં તે શું લાવ્યો? આ તો કૂકડી છે!"

છોકરો કહે: "કૂકડી કૂકડી! ઈંડું મૂક;
કૂકડી કૂકડી! ઈંડું મૂક."

ત્યાં તો કૂકડીએ બે સોનાનાં ઈંડાં મૂક્યાં. મા તો રાજીરાજી થઈ ગઈ!

કૂકડી તો જેટલાં જોઈએ તેટલાં ઈંડાં મૂકે પછી મકનાને શાની ખોટ?

એ તો એક રાજા કરતાં યે મોટો પૈસાદાર થઈ ગયો. મોટા મોટા મહેલ બાંધ્યા ને ખાવા, પીવા ને મોજ કરવા લાગ્યો.

પછી તો મકનાને પૈસાની તમા ન રહી. મકનો રાક્ષસને ય ભૂલી જવા આવ્યો.

ત્યાં તો એક દિવસ મકનો કહે: "લાવ જાઉં, ને જોઉં તો ખરો કે રાક્ષસ શું કરે છે? હવે કાંઈ ધનની ખોટ તો નથી રહી; પણ

ઘણા દિવસથી આકાશમાં નથી ગયો તે જરા જઈ આવું.”

મકનો તો ઝાડ ઉપર ચડીને આકાશમાં ગયો. રાક્ષસ તો રોજ રાહ જોઈને બેસે કે “કોઈક મારી કોથળી ને કૂકડી લઈને ગયું છે, તે આવે તો મારી નાખું; મારી જ નાખું!”

મકનો તો કિલ્લામાં ગયો. રાક્ષસ સંતાઈ રહેલો. મકનો જ્યાં પેલી છોકરી સાથે વાત કરવા જાય ત્યાં તો હુહુ કરતો રાક્ષસ પાછળ આવ્યો. પણ જાડું મોટું શરીર, હાથીની સૂંઢ જેવા હાથપગ, ને ગોળી જેવડી ફાંદ લઈને તે કેટલુંક દોડાય?

મકનો તો જીવ લેતોક ને ભાગ્યો, ને ઝટ દેતોક ને ઝાડ ઉપર પહોંચીને નીચે ઊતરવા લાગ્યો. રાક્ષસ પણ પાછળ પાછળ આવ્યો. રાક્ષસ ઝાડ પાસે આવ્યો ત્યાં તો મકનો અડધે પહોંચ્યો, ને રાક્ષસ ઝાડ ઉપર પગ મૂકી બે હાથ નીચે ઊતર્યો ત્યાં તો મકનો ઠેઠ થડે પહોંચ્યો. રાક્ષસ તો સાવ ધીમે ધીમે ઝાડ

ઉપરથી નીચે ઊતરવા લાગ્યો.

મકનાની મા કહે : "એલા મકના ! આ રાક્ષસ હમણાં હેઠો આવ્યો હોં ! તને ને મને બેઉને જીવતાં નહિ રહેવા દે. કાંઈક ઉપાય કર, નહિ તો મોત આવ્યું !"

મકનો મોટી એવી કુહાડી લઈ આવ્યો; ધડ ધડ ઝાડને કાપવા માંડ્યો. ઝાડ આખું હલવા લાગ્યું; ઉપર રહેલા રાક્ષસભાઈ પણ હલવા લાગ્યા. રાક્ષસને બીક લાગી કે હેઠે પડ્યા તો સો યે વરસ પૂરાં થશે.

એ તો પાછો ઝટઝટ ઉપર ચડવા માંડ્યો. પણ ભારે શરીર તે ઉતાવળ પણ કેટલીક થાય ? ત્યાં તો કટાક કરતો કડાકો થયો ને ઝાડ કડુડુભુસ કરતું હેઠે પડ્યું.

એટલે રાક્ષસભાઈ પણ હેઠે, ને મોટી ફાંદ ફસક દઈને ફસકાઈ પડી ! રાક્ષસભાઈના રામ બોલો ભાઈ રામ !

પછી મકને ખાધું, પીધું ને મોજ કરી.

# બિલ્લીબાઈ

એક હતો ગીરણીવાળો, અને એક હતી ગીરણી; એક હતો ગધેડો ને એક હતી બિલ્લી.

એક વાર ગીરણીવાળો માંદો પડ્યો ને મરી ગયો.

ત્રણે દીકરા એકઠા થયા ને પૂંજીની વહેંચણ કરવા બેઠા.

મોટાના ભાગમાં ગીરણી આવી, વચલાને ભાગ ગધેડું ને નાનાને ભાગ બિલાડી આવી.

બે જણ તો રાજી થયા પણ નાનો મૂંઝાયો. "અરે રામ! ગીરણી મળી હોત તો પીડા જ નહોતી. એ તો રહી, પણ ગધેડું યે ન મળ્યું! આ એક બિલાડી મળી. એનાથી કાંઈ વેપાર

---

ગીરણી=લોટ દળવાની ઘંટી

ચાલશે? એનાથી કાંઈ મજૂરી કરાશે? એના મારેલ ઉંદર થોડાક ખવાશે? ત્યારે બિલાડીને મારીને ખાઉં તો કેટલાક દિવસ ચાલે? દીના ખાણાનું થાય. ચામડું વેચું તો ચાર આઠ આનાનું માંડ માંડ થાય તો! ભગવાનની જેવી મરજી. જેવું મારું નસીબ!"

બિલાડી તડકામાં પડી પડી તપતી હતી. છીં કરીને તે બોલી: "શું છે, શેઠજી? શી ચિંતામાં બેઠા છો?"

છોકરો કહે: "ચિંતા તો એ છે કે કમનસીબે તું મારા જ ભાગમાં આવી. તું શું કાંઈ લોટ દળી આપવાની હતી? તારાથી શું કાંઈ ભાર વહેવાશે? તને પૂરું ઉંદર પકડતાં યે ક્યાં આવડે છે? શિલટી મારે ગળે એક વેઠ બંધાણી."

બિલાડીએ હસીને કહ્યું: "જેવું આપણું નસીબ! એમાં કાંઈ નારાજ થોડુંક થવાય? બીજું તો શું, પણ હું તમને દુઃખી થવા દઉં તો કહેજો."

શેઠ કહે: "પણ પહેલી વાત તો પેટ ભરવાની છે. કાલે ખાવાના સાંસા પડશે એનું શું?"

બિલાડી કહે: "એનું શું? ત્યારે તો હું કહું તેમ કરો. એક પાકીટ લાવો ને એક જોડી બૂટ ખરીદી લાવો. પછી જોઈ લ્યો હું શું કરી બતાવું છું તે!"

શેઠ કહે: "આ જોને શેખીખોર બિલાડી! વળી દફતર અને બૂટને તે શું કરવાની હતી? પણ જોઈએ તો ખરા, બિલ્લીબાઈ શું કરે છે?"

શેઠ તો ગામમાંથી દફતર ને બૂટ લઈ આવ્યા. બિલ્લીએ તો પગમાં બૂટ ચડાવ્યા ને ગળે દફતર લટકાવ્યું ને એની દોરી હાથમાં પકડી રાખી.

શેઠજી કહે: "ક્યાં પધારશો?"

બિલ્લી કહે: "આ જુઓ તો ખરા, બિલ્લીબાઈ શું કરે છે તે? વગર પૂછ્યે બધી ખબર પડશે."

બિલ્લીબાઈ તો ગળે દફતર, પગમાં બૂટ, ને રોફમાં ને રોફમાં ચમચમ કરતાં ચાલ્યાં.

બીજી મિલાડીઓ તો એની સામે જોઈ જ રહી.

દરમાં બેઠા બેઠા ઉંદરો તો ખુશખુશ થઈ ગયા. " હાશ, હવે પકડાશું નહિ. બિલ્લીબાઈના બૂટનો ચમકારો સાંભળીને જ ભાગી જઈશું."

ફળિયામાં ઊભેલું ગધેડું કહે: " બિલ્લી-બાઈ ક્યાં જાત્રાએ ચાલ્યાં કે મલગરીએ ચાલ્યા ? "

બિલ્લી કહે: " ક્યાંઈક જવું તો જોઈશે જ ના ? તારી જેમ ભાર ઉપાડીને થોડી જ મરવાની છું ! "

બિલ્લીબાઈ તો સસલાખાનામાં ગયાં. કેટલાં યે સસલાં રમતાં હતાં; મહીં નાનાં નાનાં બચ્ચડાં પણ હતાં.

બિલ્લી કહે: " આ બચ્ચડાં પકડવાની ઠીક મજા આવશે; પેલાં ધરડિયાં તો ભારે પક્કાં છે ! "

બિલ્લીબાઈએ પાકીટમાં થોડીક ઘરો મૂકી હતી. બિલ્લી તો પાકીટનું મોં પહોળું રાખી દૂર જઈને સૂતી. પાકીટની બે દોરીઓ

મલગરી = મુલકગીરી; મુસાફરી; દેશનો મુખ્ય અધિકારી વસૂલાત માટે ગામોગામ ફરે તે.

પોતાની પાસે રાખી.

સસલાં આવ્યાં.

"એલાં આ પાકીટ કોનું હશે?"

"જોતાં નથી? એ તો મીની માશીનું છે."

"દફતર ભૂલી ગયાં લાગે છે!"

"ભૂલે એવાં સુંવાળાં તો નથી!"

"પણ ભાઈ! જુઓ તો ખરા, બિલ્લીબાઈ જીવે છે કે નહિ?"

"મરી ગયાં લાગે છે. હલતાં યે નથી નેં ચાલતાં યે નથી."

ત્યારેં ચાલો ને જોઈએ તો ખરાં કે પાકીટમાં શું ભર્યું છે! બિલ્લીબાઈ વળી પાકીટમાં શું રાખતાં હશે?"

"અરે, એમાં તે શું જોવું છે? બેપાંચ ઉંદરડા ભર્યા હશે."

"મને તો એમાં ઘરો લાગે છે."

"ઘરો ક્યાંથી હોય? બિલ્લીબાઈ ઘરો કયે દિવસે ખાય છે?"

ઘરડું સસલું કહે: "એલાં હવે દરડામાં

જાશો કે? એ બિલ્લીબાઈના કામાને તમે ન સમજો. બિલ્લીબાઈ સેતાનની જાત છે. તમે શું સમજો?"

જુવાનડું સસલું કહે: "એમ ને એમ જ સસલાંની જાત બીકણ રહી! બસ, અમે તો જોશું કે પાકીટમાં શું છે!"

"પણ પણે પેલી માશી સૂતી છે. દોરી ખેંચશે તો ટાંટિયો આવી જશે."

"એ તો એ મરેલી પડી! એટલી યે નથી ખબર કે એમાં જીવ છે કે નહિ?"

"ઠીક ત્યારે, સૂઝે તેમ કરો!"

જુવાનડું સસલું ઘરો લેવા ચાલ્યું. પાકીટમાં મોં નાખી ખાવા જાય ત્યાં બિલ્લીબાઈ એ દોરી ખેંચી ને સસલાભાઈ ભરાઈ રહ્યા! ભાઈની પૂંછડી પટપટવા લાગી ને ટાંગા તરફડવા લાગ્યાં. પણ ત્યાં તો ગળું દબાઈ ગયું ને સસલાભાઈનાં રામ બોલી ગયા.

બિલ્લીબાઈ એ તો સસલાનો શિકાર કર્યો! બિલ્લીબાઈ તો ફુલાયાં. મનમાં કહે: "મારા

જેવી કોણ બહાદુર? ઉંદરનો શિકાર તો બધી બિલાડીઓ કરે! ક્યાંઈ કોઈએ સસલું માર્યાનો દાખલો છે કે? ચાલ હું રાજા પાસે જાઉં ને શિકારની વાત કરું."

બિલ્લીબાઈ તો ચમ ચમ કરતાં ચાલ્યાં. ધમધમ કરતાં દાદરે ચડ્યાં ને રાજાની સામે ખુરશીએ જઈને બેઠાં.

સલામ કરી બિલ્લી કહે: "મહારાજ! આજ આપની સેવામાં આ એક સસલું સાદર રજૂ કરું છું. મારા સરદાર નામદાર જસવંતસિંહજી જંગબહાદુરે આ ભેટ આપને માટે મોકલી આપી છે."

રાજાએ દમામથી કહ્યું: "તમારા સરદારને કહો કે રાજા એની અમૂલ્ય ભેટથી ઘણા ખુશી થયા છે, અને તે માટે તેનો ખરેખર ઉપકાર માને છે."

પાછાં બિલ્લીબાઈ શિકાર કરવા ઊપડ્યાં.

ઘઉંના ખેતરમાં લપાઈને સુતાં. પાકીટમાં જાતજાતના દાણા રાખ્યા હતા.

પક્ષીઓ ઊડતાં ઊડતાં પાકીટ પાસે આવ્યાં.

પોપટ કહે: "આ પાકીટમાં તો દાણા લાગે છે."

ચકલી કહે: "ચોખા યે છે ને જુવારે છે; ઘઉં પણ છે ને મગ પણ છે."

કાબર કહે: "ચાલો ને ત્યારે ચણીએ?"

બધાં કહે: "ચાલો ને, ચાલો ને!"

કોઈ કહે: "પણ આ પાકીટ હશે કોનું? દાણા નાખ્યા કોણે હશે?"

બીજું કહે: "આપણે શું કામ?"

ત્રીજું કહે: "બાપુ! પેલી બિલાડી લાંબી થઈ ને સૂતી છે તે નથી જોતાં? ક્યાંઈક એનું ન હોય!"

ચોથું કહે: "તે એનું હોય તો યે શું? દોડીને પકડવા જશે ત્યાં આપણને ઊડીને ભાગી જતા ક્યાં નથી આવડતું?"

બધાં કહે: "ચાલો ત્યારે; બને તે ખરી."

પાકીટમાં એક પછી એક એમ ઘણાં પક્ષી ગયાં. ચકલી ને પોપટ, મેના ને કાબર, હોલું

ને ચીબરી, બધાં ગયાં. ચતુર કાગડો ય આવ્યો! બધાં ચણચણ ચણવા લાગ્યાં.

ત્યાં તો સરડક કરતી દોરી ખેંચાઈ ને પાકીટ બંધ થઈ ગયું!

બધાં પક્ષી પુરાઈ ગયાં. બિચારાં પછી ક્યાં જાય?

બિલ્લીબાઈ પાકીટ લઈને રાજા પાસે ગયાં ને પક્ષીઓની ભેટ ધરી. રાજાએ ખુશી થઈ બિલ્લીબાઇને ઇનામ આપ્યું.

બિલ્લી તો વારે વારે શિકાર કરી લાવે ને રાજાને ધરે. રાજાની પાસેથી પૈસા મળે ને શેઠ ને બિલાડી સુખેથી મોજ કરે.

ઘણા દિવસો ચાલ્યા ગયા.

એક દિવસ રાજા પોતાની કુંવરી સાથે નદીકાંઠે હવા ખાવા નીકળવાનો હતો.

બિલાડીએ જંગબહાદુરજીને કહ્યું: "જો હું કહું તેમ કરો તો તમારું નસીબ ખૂલી જાય. જ્યારે રાજા ને કુંવરી નદીકાંઠે ફરતાં હોય ત્યારે તમારે જે ખાડો હું તમને બતાવું તેમાં

જઈને નહાવું. બાકી બધું હું જોઈ લઈશ."

રાજા અને કુંવરી ફરવા નીકળ્યાં. રાજાની ગાડી નદીના ખાડા પાસે આવે ત્યાં તો જંગબહાદુરજી ખાડામાં નહાવા પડ્યા. બિલાડીએ તેનાં કપડાં એક પથરા નીચે સંતાડી દીધાં.

એટલામાં તો રાજાની ગાડી ઘરઘર કરતી ત્યાંથી નીકળી.

બિલાડીએ ગાડીને જોઈને કારમી ચીસ નાખી: "કોઈ દોડો રે દોડો! મારો જંગબહાદુરજી ડૂબી જાય છે. કોઈ કાઢો રે કાઢો; કોઈ બચાવો રે બચાવો!"

રાજા ગાડીમાંથી કહે: "અરે, આ તો પેલી શિકારી બિલાડીનો અવાજ લાગે છે!"

બારીનો પડદો ખસેડીને જુએ તો બિલ્લીબાઈ સાચે જ રાડો પાડતાં હતાં.

રાજી કહે: "દોડો, જઈને જંગબહાદુરજીને બચાવો. પાણીમાંથી કાઢો. એ જ આપણને નવી નવી શિકારની ભેટો આપે છે."

માણસો ખાડા તરફ દોડ્યા.

બિલાડી ગાડી પાસે જઈને કહે : " પણ રાજાજી! શી વાત કહું? જંગબહાદુરનાં કપડાં કોઈ ઉપાડી ગયું છે. હવે કપડાં વિના એ ખાડામાંથી બહાર શી રીતે આવે?"

રાજાએ તો માણસોને રાજમહેલ તરફ દોડાવ્યા. માણસો રાજકુંવરને શોભે એવો પોશાક લઈ આવ્યા.

જંગબહાદુરજીએ રાજકુંવરના કપડાં પહેર્યાં. જાણે સાચે જ રાજાના કુંવર ન હોય, એમ જંગબહાદુરજી શોભવા લાગ્યા.

રાજકુંવરીને જંગબહાદુરજી ગમ્યા. તે કહે : " રાજાજી! આને ય આપણી સાથે ફરવા લ્યો ને? આયે રાજકુંવર જેવા જ છે ને?"

દીકરીને ના કેમ પડાય? રાજાએ જંગ-બહાદુરજીને ગાડીમાં બેસાર્યા. ગાડી ચાલી. આગળ બિલાડી ઊપડી.

બિલાડી મનમાં કહે : " ઠીક છે; હજી સુધી તો દાવ સરખા પડ્યા છે. ચાલો હવે એક બીજી યુક્તિ કરીએ."

રસ્તે ખેડૂત લોકો પોતાનાં ખેતરોમાં ઘાસ કાપતા હતા.

બિલાડી તેમને કહે: "જુઓ, ભાઈ! એક વાત માનજો. રાજા પૂછે કે આ ખેતર કોનું છે, તો કહેજો કે એ તો રાણા જંગબહાદુરનું છે. જોજો, ભૂલ્યા છો તો રાઈ રાઈ જેવડા ટુકડા કરાવી નાખીશ, હો કે?"

ત્યાં તો રાજાની ગાડી આવી પહોંચી.

રાજાએ પૂછ્યું: "અલ્યાઓ! આ કોનું ખેતર નીંદો છો?"

લોકો કહે: "મહારાજ! આ બધું તો ઘણું જીવો અમારા અન્નદાતા રાણા જંગ-બહાદુરજીનું છે."

રાજાએ જંગબહાદુરની સામે જોયું.

જંગબહાદુર કહે: "મહારાજ! આ ખેતર બહુ સારો પાક આપે છે. આ લોકો પણ ઘણા ભલા છે."

બિલાડી પાછી આગળ ઊપડી.

કેટલાએક લોકો ખેતરમાં લાણી કરતા

હતા. બિલાડી કહે : "યાદ રાખજો, હમણાં રાજા આવશે ને પૂછશે કે આ ખેતરો કોનાં છે, તો કહેજો કે એ–તો રાણા જંગબહાદુરનાં છે. જોજો, ભૂલ્યા છો તો રાજા ઘાણીએ ઘાલીને તેલ કાઢશે."

ત્યાં તો રાજા આવી પહોંચ્યા.

રાજા કહે: "એલા આ ખેતરો કોનાં છે?"

લોકો કહે: "મહારાજ! રાણા જંગબહાદુરજી મહારાજનાં છે; અમારા ધણીનાં."

રાજા મનમાં કહે: "આ જંગબહાદુરજી ખરેખર મોટો માણસ લાગે છે."

આમ બિલાડીએ આગળ ને આગળ જઈને કેટલું બધું જંગબહાદુરનું છે એમ બતાવ્યું. રાજા તો જંગબહાદુરજીની મોટી મિલકત જોઈ ખુશી ખુશી થઈ ગયો.

ગાડી પાછળ ચાલી આવે છે ને બિલાડી આગળ દોડી જાય છે.

એમ કરતાં બિલાડી એક કિલ્લા પાસે આવી. કિલ્લો રાક્ષસનો હતો. આસપાસની બધી

જમીન ને પેલાં ખેતરો પણ એનાં જ હતાં.

બિલાડી મનમાં કહે: "હવે આ રાક્ષસને મારીને એનો કિલ્લો કબજે કરવો જોઈએ."

રાક્ષસ કિલ્લાને કાંગરે ઊભો હતો.

બિલ્લી કહે: "રામરામ."

રાક્ષસ કહે: "રામરામ, આવો આવો, બિલ્લીબાઈ! તમે ક્યાં ચાલ્યાં?"

બિલ્લી કહે: "આવું છું તો તમારી જ પાસે. સાંભળ્યું છે કે તમે મોટા જાદુગર છો. ધારો તો ઘડીકમાં મોટો સિંહ, હાથી કે ઘોડો બની જાઓ; ધારો તો આકાશમાં ઊડો, ને ધારો તો પાણીમાં પેસો, ને ધારો તો આગમાં પેસો."

રાક્ષસ કહે: "વાત તો સાચી છે."

બિલ્લી કહે: "હું માનું નહિ. નજરે જોયા વિના બધી વાત ખોટી. એમ મોટી મોટી વાતના ગોળા તો ચાલ્યા કરે."

રાક્ષસ કહે: "ત્યારે ઝપાટો બતાવું?"

બિલ્લી કહે: "હા; બતાવો ત્યારે જ ખરું મનાય ના?"

રાક્ષસે તરત જ સિંહનો વેશ લીધો. એક મોટી જબરી ત્રાડ નાખી. સાચે જ બિલાડી બી ગઈ ને ભાગી.

રાક્ષસ કહે : "કાં, બિલ્લીબાઈ! બી ગયાં કે? હું કાંઈ સિંહ નથી; હું તો રાક્ષસ છું."

બિલ્લી કહે : "પણ હું તો સિંહ જોઈ ને ધ્રૂજું છું. એક વાર પાછા રાક્ષસ થઈ જાઓ એટલે પાસે આવું."

રાક્ષસ સિંહ મટી હતો તેવો થઈ ગયો.

બિલ્લી કહે : "વાહ! તમે છો તો ખરેખરા જાદુગર. પણ એવડો મોટો સિંહ થતાં આવડ્યું એમાં કાંઈ નહિ. તમને કાંઈ નાનાં નાનાં જીવજંતુઓ થતાં થોડુક આવડે છે? સિંહ થવું સહેલું છે પણ ઉંદર થવું અઘરું છે."

રાક્ષસ કહે : "ત્યારે હવે હું ઉંદર થઈ બતાવું તો?"

બિલાડી કહે : "તો સાચું માનું, તો હું હા ભણું."

રાક્ષસ તો ઉંદર થઈ ચૂંચૂં કરતો ચાલ્યો.

પછી કાંઇ એને બિલ્લીબાઇ મૂકે ? એક પંજો, ને ઉંદરભાઇના રામ બોલે ભાઈ રામ !

ત્યાં તો રાજાની ગાડીનાં પૈડાંનો ખડખડાટ સંભળાયો.

બિલ્લીબાઇ કિલ્લાની બહાર આવ્યાં ને રાજાને આવકાર આપ્યો.

રાજા કહે : " આ કિલ્લો કોનો છે ? "

બિલ્લાબાઇ કહે : " નામદાર રાણા જંગ-બહાદુરજીનો."

રાજાએ જંગબહાદુરજી સામે જોઇ જરા મોં મલકાવ્યું.

રાજા કહે : " જંગબહાદુરજી ! તમે ખરે-ખરા ભાગ્યશાળી છો. આવો ભવ્ય કિલ્લો તો મારે પણ નથી ! "

પછી રાજા, રાણા જંગબહાદુરજી, રાજ-કુંવરી અને બિલ્લીબાઈ અંદર ગયાં.

ભાતભાતનાં ભોજનો તૈયાર હતાં.

સૌ જમ્યાં. રાજા ઘણો ખુશી થયો.

રાજા કહે : "બિલ્લીબાઈ ! આ તમારા રાણાજીને સમજાવશો ? મારા જેવા એક સાધારણ રાજાની કુંવરીને એ પરણશે ?"

બિલ્લીએ ખાનગીમાં રાણા સાથે વાત કરી કહ્યું : "ભલે ખુશીથી. મારા રાણા તમારી કુંવરીને પરણશે."

પછી રાજકુંવરી અને જંગબહાદુરજીનાં લગ્ન થયાં.

રાક્ષસનો કિલ્લો અને મહેલ તયાર જ હતા. જંગબહાદુર, કુંવરી અને બિલ્લીબાઈ જીવ્યાં ત્યાં સુધી ત્યાં કિલ્લામાં રહ્યાં, ને ખાધું, પીધું ને રાજ કર્યું.